For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સમૃદ્ધ સુરત શહેરમાં રહેતી ગરીબ મહિલા પક્ષીઓના ચણ માટે ફેંકેલું અનાજ ખાવા મજબૂર





■ રાજ્યમાં અનેક સરકારી યોજના અમલમાં છે. ખાસ કરીને ગરીબોને તો મફત અનાજ આપવાની યોજના છે. પરંતુ આ યોજનાનો લાભ ખરેખર જરૂરિયાતમંદો સુધી પહોંચે છે કે કેમ તેના પર પ્રશ્નાર્થ ઉઠે તેવી એક ઘટના સુરતના વેસુ વિસ્તારમાં આકાર લઇ રહી છે. અહીંના સોમેશ્વરા એન્કલેવ નજીક પૈસાદાર લોકો કબૂતરોના ચણ માટે જુવાર નાંખી જાય છે. આ પક્ષીઓને તો તેની જરૂરિયાત કરતાં વધુ અનાજ મળે છે તો બીજી તરફ અહીં ચણમાં બચેલું અનાજ એક ગરીબ અને નિરાધાર મહિલા વીણીને થેલીમાં ભરીને લઇ જાય છે. તેનાથી તે ગુજારો કરે છે. **(તસવીર : હેમંત ડેરે)**

## અલ નીનોનાં 100 વર્ષના ઇતિહાસે ગુજરાતને અનેકવાર હચમચાવ્યું

# અલનીનોને લીધે ચાર વખત દુકાળ

**1987, 2002, 2009 અને 2015માં ગુજરાત હચમચી ગયું હતું**

**આગામી** ત્રણ-ચાર દિવસ સામાન્ય વરસાદ અને જુલાઈના આરંભે ભારે વરસાદની સંભાવના

સુરતઃ પ્રશાંત મહાસાગરમાં સર્જાતી અલ નીનો (El Nio) ઘટનાએ છેલ્લા એક સદી દરમિયાન અનેક વખત ભારતીય ચોમાસાની ગતિને અસર કરી છે. ખાસ કરીને ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કૃષિ તથા જળસંચય પર તેની ગંભીર અસર જોવા મળી છે.

હાલમાં સેટેલાઈટ તસવીરોમાં દક્ષિણ ગુજરાત ઉપર વાદળોનો અભાવ જોવા મળતા ખેડૂતો અને સામાન્ય નાગરિકોમાં વરસાદ અંગે ચિંતા વ્યાપી છે. જોકે હવામાન નિષ્ણાતોના મતે આ પરિસ્થિતિને ચોમાસાના અંત તરીકે જોવાની જરૂર નથી. હાલની સ્થિતિ 'મોન્સૂન બ્રેક'નો એક ભાગ હોઈ શકે છે અને જુલાઈના પ્રથમ સપ્તાહમાં ફરી વરસાદી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા વ્યક્ત કરવામાં

...અનુસંધાન પાના ૯ પર

### સેટેલાઇટ તસવીરોમાં વાદળો ગાયબ, પરંતુ ચોમાસું પૂરું થયું નથી


૨૭ જૂન, ૨૦૨૬ના રોજ ઉપલબ્ધ સેટેલાઇટ તસવીરોમાં દક્ષિણ ગુજરાત ઉપર વાદળોની સંખ્યા ઓછી જોવા મળી રહી છે. રાજ્યમાં ૨૬ જૂન સુધી સિઝનનો અંદાજે માત્ર ૨.૮૫ ટકા વરસાદ નોંધાતા વરસાદ અંગે ચિંતા વધી છે. જોકે હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે આ પરિસ્થિતિને ચોમાસું નિષ્ફળ ગયું હોવાનું માનવું યોગ્ય નથી. આ સ્થિતિને 'મોન્સૂન બ્રેક'તરીકે પણ જોવામાં આવે છે, જેમાં થોડા દિવસો માટે વરસાદની પ્રવૃત્તિ નબળી પડી જાય છે.

### શહેરમાં વધતા પ્રદૂષણથી ભેજની ભારે અછત

હાલ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની આગળ વધવાની રેખા સુરત, ઇન્દોર અને માંડલા વિસ્તારમાંથી પસાર થઈ રહી છે. એટલે કે ચોમાસું સુરત સુધી પહોંચી ગયું છે, પરંતુ અરબી સમુદ્ર તરફથી પૂરતો ભેજ મળતો ન હોવાથી મોટા વરસાદી વાદળો વિકસી શકતા નથી. પરિણામે આકાશ મોટાભાગે ચોખ્ખું દેખાય છે અને વરસાદની પ્રવૃત્તિ મર્યાદિત રહી છે. ભેજના ઘટતા પ્રમાણ માટે એક મોટુ કારણ હવામાન નિષ્ણાતોએ શહેરમાં પ્રદૂષણમાં થઈ રહેલા વધારાને પણ સૂચવ્યુ છે. ઉલ્લેખનીય છે કે પાંડેસરા, સચીન અને પલસાણા જીઆઈડીસીમાં સૌથી વધારે વાયુ પ્રદૂષણ છે.

### 2002 અને 2009 : ખેડૂતો માટે કમરતોડ હતા

આ વર્ષો દરમિયાન અલ નીનોની અસરથી ખાસ કરીને ઓગસ્ટ અને સપ્ટેમ્બર દરમિયાન ચોમાસું નબળું રહ્યું હતું. સુરત સહિત સમગ્ર પશ્ચિમ ભારતમાં વરસાદની ભારે ખેંચ અનુભવાઈ હતી. કપાસ, મગફળી અને અન્ય વરસાદ આધારિત પાકોને મોટું નુકસાન થયું હતું. અનેક ખેડૂતોની વાવણી નિષ્ફળ જતાં આર્થિક મુશ્કેલીઓમાં વધારો થયો હતો.




### 1987 : સદીનો સૌથી ભયાનક દુષ્કાળ

સમગ્ર ગુજરાતની સાથે સુરત અને દક્ષિણ ગુજરાતમાં પણ ચોમાસું લગભગ નિષ્ફળ રહ્યું હતું. રાજ્યના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની તીવ્ર અછત ઉભી થઈ હતી, જ્યારે પશુઓ માટે ઘાસચારાની પણ ગંભીર સમસ્યા સર્જાઈ હતી. કૃષિ ઉત્પાદન ભારે ઘટતાં ગ્રામ્ય અર્થતંત્ર પર વ્યાપક અસર પડી હતી.

### 2015-16 : ડેમમાં પાણી ઘટ્યું, ગરમી વધી

તાજેતરના વર્ષોમાં ૨૦૧૫-૧૬ દરમિયાન પણ અલ નીનોની અસર સ્પષ્ટ જોવા મળી હતી. સુરતની તાપી નદી તેમજ ઉકાઈ ડેમમાં પાણીનું સ્તર ચિંતાજનક રીતે ઘટી ગયું હતું. ચોમાસાની ઋતુમાં પણ ઉનાળા જેવી ગરમી અનુભવાઈ હતી અને લાંબા સમય સુધી આકાશ વાદળવિહોણું રહ્યું હતું.

### જુલાઈના પ્રથમ સપ્તાહમાં ફરી સક્રિય થઈ શકે છે ચોમાસું

હવામાન મોડલ્સ સૂચવે છે કે જુલાઈના પ્રથમ સપ્તાહ દરમિયાન ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર ઉપર સાયક્લોનિક સર્ક્યુલેશન મજબૂત બનવાની શક્યતા છે. આ સિસ્ટમ

...અનુસંધાન પાના ૯ પર

## બેફામ દોડતા ડમ્પરે બે જિંદગી કચડી નાંખી

# ભેસ્તાનમાં માતા-પુત્રી ઉપર ડમ્પરનાં પૈડાં ફરી વળતાં મોત



**મોહરમ** માટે પિયર ગઇ હતી, ભાઇ અને બે પુત્રી સાથે મોપેડ પર પરત થઇ રહી હતી

**ભાઇ** અને મોટી પુત્રી પણ ઇજાગ્રસ્ત

સુરતઃ ભેસ્તાન બ્રિજ પર શનિવારે સવારે થયેલા ગમખ્વાર અકસ્માતમાં બેફામ ડમ્પરે મોપેડને અડફેટે લેતાં 22 વર્ષીય પરિણીતા અને તેની બે વર્ષની માસૂમ પુત્રીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે મૃતક મહિલાનો ભાઇ અને ચાર વર્ષની બીજી પુત્રીને સામાન્ય ઈજા પહોંચતાં તેમનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી અને સ્થાનિકોના રોષ વચ્ચે પોલીસે ડમ્પર ચાલકની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

ભેસ્તાન આવાસમાં રહેતી રૂકસાર સૈયદ (ઉ.વ. 22) મોર્હરમના તહેવાર નિમિત્તે પોતાની બંને પુત્રીઓ સાથે ઉન ખાતે આવેલા પિયરમાં ગઈ હતી. શનિવારે સવારે પોતાના ભાઈ સાથે મોપેડ પર ભેસ્તાન સ્થિત ઘરે પરત ફરી રહી હતી. સવારે અંદાજે આઠ વાગ્યાના સમયે ભેસ્તાન બ્રિજ પર પાછળથી પૂરઝડપે આવેલા ડમ્પરે મોપેડને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે રૂકસાર અને તેની બે વર્ષની પુત્રી જૈનબ ડમ્પરના પૈડાં નીચે આવી જતા બંનેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

જ્યારે મોપેડ ચલાવતા રૂકસારના ભાઈ અને ચાર વર્ષની બીજી પુત્રીને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

...અનુસંધાન પાના ૯ પર

### પરિવારના હૈયાફાટ રૂદનથી સિવિલમાં ગમગીની

અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. રૂકસાર અને જૈનબને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં જ રૂકસારના પતિ ઈમરાન સૈયદ હોસ્પિટલ પહોંચી ગયા હતા. ટેમ્પો ચાલક તરીકે મહેનત કરીને પરિવારનું ગુજરાન ચલાવતા ઈમરાન માટે પત્ની અને પુત્રીના એકસાથે થયેલા મોતનો આઘાત અસહ્ય બની ગયો હતો. પરિવારજનોના હૈયાફાટ રુદનથી હોસ્પિટલ અને સમગ્ર વિસ્તાર ગમગીન બની ગયો હતો.

### ગયા વર્ષે ભાઇ ગુમાવ્યો અને હવે પત્ની-પુત્રી

મૃતક રુકશાનના પતિ ઇમરાન સૈયદ માટે આ આઘાત અસહ્ય બની ગયો છે. તેમણે ભારે વ્યથા સાથે જણાવ્યું કે ગયા વર્ષે તેમના ભાઈનું અવસાન થયું હતું અને તેનો મૃતદેહ પણ આ જ પોસ્ટમોર્ટમ રૂમમાં લાવવામાં આવ્યો હતો. હવે એક વર્ષ પણ પૂર્ણ થયું નથી ત્યાં પત્ની અને ત્રણ વર્ષની દીકરીને પણ એ જ સ્થળેથી અંતિમ વિદાય આપવાનો વારો આવ્યો છે. સતત મળેલા આ આઘાતે સમગ્ર પરિવારને શોકમાં ગરકાવ કરી દીધો છે.


### મોટી દીકરી સામે જ માતા અને બહેને દમ તોડ્યો

અકસ્માત સમયે મોપેડ પર રુકશાનનો ભાઈ અને ચાર વર્ષની દીકરી હાઈકા પણ સવાર હતા. ટક્કર એટલી ભયાનક હતી કે માતા અને નાની બહેન ડમ્પરના પૈડાં નીચે આવી ગયા, જ્યારે હાઈકા અને તેના મામાનો જીવ બચી ગયો. જોકે, પોતાની આંખો સામે માતા અને નાની બહેનને ગુમાવવાનો આઘાત આ નાનકડી બાળકી માટે જીવનભર ભૂલી શકાય એવો નથી.

## આરોપીની 14 દિવસ જ્યુડિશિયલ કસ્ટડી

# 10 કરોડના કોકેઇન સાથે ઝડપાયેલો ફઝલ પેડલર નહીં સૂત્રધાર

**આરોપી** ફઝલે તાજેતરમાં બાંગ્લાદેશ-અફઘાનિસ્તાનની ટ્રીપ મારી હોવાનું ડીઆરઆઈની તપાસમાં ખૂલ્યું



સુરતઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ સુરતએ તેજસ રાજધાની એક્સપ્રેસમાંથી ૧૦ કરોડનું ૨ કિલો કોકેઇન સાથે ઝડપાયેલો આરોપી ફઝલ અહમદ સૈયદ( નેરુલ, નવી મુંબઇ) માત્ર પેડલર નહીં પણ ડ્રગ્સ નેટવર્કના સૂત્રધાર પૈકીનો હોવાનું મનાઇ રહ્યું છે. ડીઆરઆઇ દ્વારા આરોપી ફઝલનાં બાંગ્લાદેશ કનેક્શન પર તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ગઈકાલે આરોપી ફઝલની ધરપકડ કરી ડીઆરઆઈએ એક દિવસનાં રિમાન્ડ મેળવ્યા હતા. આજરોજ આરોપીનાં રિમાન્ડ પુરા થતાં કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ડીઆરઆઈ તરફે ખાસ સરકારી વકીલ ઈમરાન મલેક હાજર રહ્યા હતા. ડીઆરઆઈ તરફે હાલ વધુ રિમાન્ડની માંગણી નહીં કરાતાં કોર્ટે આરોપી ફઝલને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. રિમાન્ડ દરમિયાન આરોપીની ડીઆરઆઈ દ્વારા સઘન પૂછપરછ કરવામાં આવી હતી અને આ ડ્રગ્સ સપ્લાયના નેટવર્કને જાણવાનો પ્રયાસ કર્યો હતો. આરોપી ફઝલની પૂછપરછ દરમિયાન આ ડ્રગ્સનું કનેક્શન બાંગ્લાદેશ સાથે હોવાનું ખુલતાં ડીઆરઆઈનાં અધિકારીઓ ચોંકી ઉઠયાં હતાં. જાણકાર સૂત્રોના જણાવ્યાં મુજબ આરોપી ફઝલે તાજેતરમાં બાંગ્લાદેશ ટ્રીપ મારી હોવાનું તપાસમાં ખુલ્યું છે. તેમજ અફઘાનિસ્તાનમાં આરોપીનાં આંટા ફેરા હોવાનું આરોપીની પ્રાથમિક પુછપરછમાં ખુલ્યું હોવાનું જાણવા મળ્યું છે. હાલ ડીઆરઆઈએ બાંગ્લાદેશની ટ્રીપમાં આરોપીનું ઈન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાઓ સાથે કોઈ કનેકશન છે કેમ? તેની તપાસ શરૂ કરી છે. આરોપી પાસેથી પાસપોર્ટ સહિતનાં દસ્તાવેજો ડીઆરઆઈએ જપ્ત કર્યા હોવાનું જાણવા મળ્યું છે. આ સમગ્ર ડ્રગ્સ કેસમાં આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટમાં આરોપી ફઝલ મહત્તવની કડી હોવાનું મનાઈ રહ્યું છે.

### દોઢ મહિનામાં ડીઆરઆઈએ 26 કિલો કોકેઇન જપ્ત કર્યું હતું

ડીઆરઆઈએ મુંબઈ, દિલ્હી, જયપુર, પટના, કોચિન અને અમદાવાદમાં વિવિધ એરપોર્ટ, રેલવે સ્ટેશનો, કુરિયર ટર્મિનલ્સ અને હાઇવે પર શ્રેણીબદ્ધ કામગીરી હાથ ધરી હતી અને ગયા મહિનાથી અત્યાર સુધીમાં સામૂહિક રીતે અંદાજે 26 કિલો કોકેઇન જપ્ત કર્યું છે. આ કામગીરી દરમિયાન 14 વિદેશી નાગરિકો સહિત 22 વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. નશીલા પદાર્થોની હેરફેર (ડ્રગ ટ્રાફિકિંગ)ને રોકવા અને માદક પદાર્થોના સપ્લાય નેટવર્કને નેસ્તનાબૂદ કરવા ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI)ના સતત પ્રયાસોમા ભારે સફળતાં સાંપડી હતી.

## ભારતીય દૂતાવાસના સહયોગથી કતારથી સુરત પહોંચ્યો પાર્થિવ દેહ

# શનિવારે સવારે ભીમપોરના સન્ની પટેલને અંતિમ વિદાય

**પત્ની** અને માતાનું કરુણ આક્રંદ, હજારો લોકો અંતિમયાત્રામાં જોડાયા



સુરતઃ કતારના ગેસ પ્લાન્ટમાં થયેલા ભયાનક બ્લાસ્ટમાં જીવ ગુમાવનાર સુરતના ડુમ્મસ વિસ્તારના ભીમપોર મોટા મહોલ્લાના વતની સન્ની પટેલને રવિવારે તેમના વતનમાં અંતિમ વિદાય આપવામાં આવી હતી. ભારતીય દૂતાવાસના સહયોગથી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ સન્નીનો પાર્થિવ દેહ કતારથી અમદાવાદ અને ત્યાંથી રોડ માર્ગે સુરત લાવવામાં આવ્યો હતો. પોતાના પરિવારના ભવિષ્ય માટે વિદેશમાં મહેનત કરવા ગયેલો યુવાન જ્યારે કફનમાં લપેટાઈને ઘરે પરત ફર્યો ત્યારે સમગ્ર ભીમપોર

...અનુસંધાન પાના ૯ પર



### મિલનસાર સ્વભાવને કારણે મોટી સંખ્યામાં લોકો જોડાયા

સન્ની પટેલ પોતાના મિલનસાર અને સેવાભાવી સ્વભાવને કારણે ભીમપોર સહિત સમગ્ર વિસ્તારમાં લોકપ્રિય હતા. તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે નિવાસસ્થાને રાખવામાં આવતા ગામ તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો અંતિમ દર્શન માટે

...અનુસંધાન પાના ૯ પર

### સ્થાનિક સ્મશાન ભૂમિમાં ધાર્મિક વિધિ મુજબ અંતિમસંસ્કાર

અંતિમ દર્શન બાદ સન્ની પટેલની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાનેથી નીકળી હતી, જેમાં હજારો લોકો જોડાયા હતા. સમગ્ર માર્ગ પર શોકમય વાતાવરણ જોવા મળ્યું હતું. સ્થાનિક સ્મશાનભૂમિ ખાતે ધાર્મિક વિધિ મુજબ તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

...અનુસંધાન પાના ૯ પર

# 108 સેવાએ જીવનદાનને બદલે જીવનભરનો લકવો આપી દીધો

**ખરવરનગર** પાસે 108ને અકસ્માત થતાં દર્દી સ્ટ્રેચર નીચ દબાઇ ગયો

**વજનદાર** મેડિકલ સાધનો દર્દી ઉપર પડતાં કરોડરજ્જુ નીચેની નસો બ્લોક થઇ ગઇ

**દર્દી** હવે માત્ર ગરદન જ હલાવી શકે છે

સુરતઃ તાત્કાલિક સારવાર માટે વિશ્વસનીય માનવામાં આવતી 108 એમ્બ્યુલન્સ સેવા સુરતમાં એક ગરીબ દર્દી માટે જીવદાતા નહીં પરંતુ જીવનભરનું દુઃખ બની ગઈ છે. મોડી રાત્રે ખરવર નગર BRTS નજીક 108 એમ્બ્યુલન્સના અકસ્માતમાં સારવાર માટે લઈ જવાતા દર્દીને એટલી ગંભીર ઈજાઓ પહોંચી કે હવે તે લકવાગ્રસ્ત બની ગયો છે. આ ઘટનાએ 108 સેવાની સુરક્ષા અને જવાબદારી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, મોડી રાત્રે દર્દીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યો હતો. તે દરમિયાન પૂરઝડપે દોડી રહેલી 108 એમ્બ્યુલન્સના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા વાહન રસ્તા પરના થાંભલા સાથે જોરદાર અથડાયું હતું. અકસ્માતનો આંચકો એટલો પ્રચંડ હતો કે એમ્બ્યુલન્સમાં સ્ટ્રેચર પર સૂતેલો દર્દી સ્ટ્રેચરની નીચે દબાઈ ગયો હતો. સાથે જ અંદર રાખવામાં આવેલા ભારે મેડિકલ સાધનો દર્દીની છાતી અને શરીર પર પડતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ દર્દીને લોહીલુહાણ હાલતમાં બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ બીજી 108 એમ્બ્યુલન્સ બોલાવી તેને તાત્કાલિક સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં એક્સ-રે, સોનોગ્રાફી અને અન્ય તપાસો દરમિયાન દર્દીની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું સામે આવ્યું હતું. તબીબી તપાસમાં જાણવા મળ્યું કે અકસ્માતના ભારે આંચકાથી દર્દીની કરોડરજ્જુની નીચેની નસો સંપૂર્ણપણે બ્લોક થઈ ગઈ છે. પરિણામે દર્દીના શરીરનો નીચેનો ભાગ સંપૂર્ણપણે નિષ્ક્રિય થઈ ગયો છે.

હાલ દર્દી માત્ર ગરદન જ હલાવી શકે છે અને તે લકવાગ્રસ્ત જેવી સ્થિતિમાં પહોંચી ગયો છે. દર્દીના ભાઈ મહેન્દ્ર મિશ્રાએ જવાબદાર એમ્બ્યુલન્સ ચાલક સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની અને પરિવારને યોગ્ય વળતર આપવાની માંગ કરી છે.


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦





પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ


નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે. હરપલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે. ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે. યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે. પ્રભુ આપના દિવ્યઆત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

સ્વ. શ્રી યોગેશભાઈ બી. પટેલ
જન્મ તા. ૧૭-૧૦-૧૯૮૫
સ્વ. તા. ૨૮-૦૬-૨૦૨૫

લિ.
ગં.સ્વ. અર્ચના યોગેશભાઈ પટેલ (પત્ની)
જીયાંશ યોગેશભાઈ પટેલ (પુત્ર)

સરનામું : ૨૦૫/૨, જહાંગીરાબાદ હા. સોસાયટી, દાંડી રોડ, સુરત.





શ્રી બસીરભાઈ ઇસ્માઇલભાઈ ભટ્ટી
તા. ૨૬/૦૬/૨૦૨૬
(દર્ગાહવાળા, કિસનાડ)
ગામ: કિસનાડ, તા. જી. ભરૂચ, ગુજરાત

॥ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥

આપની અચાનક વિદાયના દુ:ખદ સમાચારથી અમને અત્યંત આઘાત અને દુ:ખ થયું છે. આપનો સરળ સ્વભાવ અને સૌહાર્દપૂર્ણ વ્યક્તિત્વ હંમેશા અમારી સ્મૃતિમાં જીવંત રહેશે. આપની ખોટ ક્યારેય પૂરી થઈ શકે તેવી નથી. પરમાત્મા દિવંગત આત્માને ચિરશાંતિ અર્પે તથા શોકસંતપ્ત પરિવારને આ કપરૂ દુ:ખ સહન કરવાની શક્તિ, ધૈર્ય અને હિંમત પ્રદાન કરે એવી પ્રભુને પ્રાર્થના.

વિનમ્ર શ્રદ્ધાંજલિ
ભૃગુદ્વીપ જલારામ બાપા મંદિર પરિવાર
ગજેન્દ્રભાઈ પટેલ કમલભાઈ ભટ્ટ
ભરતભાઈ ટંડેલ ભાવિન ભાઈ પટેલ





પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

આજે તમને અમારા વચ્ચેથી વિદાય લીધાને એક વર્ષ પૂર્ણ થયું, પરંતુ તમારી યાદો આજે પણ અમારા હૃદયમાં જીવંત છે.

પ્રેમાળ પત્ની, મમતાળુ માતા અને પરિવારનો મજબૂત આધાર બની તમે જે પ્રેમ, સંસ્કાર અને સ્નેહ આપ્યો હતો, તે અમૂલ્ય છે.

ઈશ્વર તમારા દિવ્ય આત્માને પોતાના શ્રીચરણોમાં શાશ્વત શાંતિ અર્પે એવી હાર્દિક પ્રાર્થના.

સ્વ. નીમાબેન દિનેશચંદ્ર કાપડિયા
સ્વ.તા. ૨૮-૦૬-૨૦૨૫

દિનેશચંદ્ર ઠાકોરદાસ કાપડિયા
રિયા - રૂપેશ કાપડિયા - નિશિલ
વૈશાલી - ટીનિશ શાહ - શર્વિલ
શિવાલી - ગૌરવ દલાલ - સારા
સમસ્ત કાપડિયા પરિવાર ના જયશ્રીકૃષ્ણ